# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૦૨-૦૪-૨૦૨૪ મંગળવાર                સમય : સાંજે ૬:25 કલાકે

---

## જીલ્લામાં મતદારોની સંખ્યા:

કચ્છ લોકસભાની સામાન્ય ચૂંટણી માટે આગામી તારીખ 7 મી મે ના મતદાન થવાનું છે. અને ચોથી જૂન 2024ના મત ગણતરી યોજાશે. ચૂંટણીને લઇને જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે.

ત્યારે જીલ્લામાં ગત પાંચમી જાન્યુઆરી 2024ની સ્થિતિએ 8 લાખ 46 હજાર 714 પુરૂષ મતદાર, 7 લાખ 98 હજાર 629 મહિલા મતદારો અને 21 અન્ય મળી કુલ 16 લાખ 45 હજાર 364 મતદારો નોંધાયા હતા. જેમાં વધારો થતાં આ આંકડો હવે વધીને 16 લાખ 46 હજાર 887 એ પહોચ્યો છે.

આ પૈકી યુવા મતદારો એટલે કે , 18થી 49 વર્ષ સુધીના 12 લાખ 78 હજાર 272 મતદારો છે. જિલ્લામાં સૌથી વધુ 20થી 29 વર્ષની વયજૂથમાં 5 લાખ 11 હજાર 632 મતદાતા છે, જયારે સૌથી ઓછા 80 વર્ષથી ઉપરના માત્ર 24 હજાર 660 મતદાતાઓ છે.

હજુ ઉમેદવારી ફોર્મ ભરવાના પ્રથમ દિવસ પહેલાના 10 દિવસ સુધી જિલ્લાના લોકો મતદારયાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ચૂંટણી પંચ - સંયુક્ત સર્વેલન્સ ટીમ:

લોકસભા ચૂંટણીની જાહેરાત થતા જિલ્લાના રાજકારણમાં ગરમાવો જોવા મ ળે છે. આ દરમિયાન થતી ગેરકાયદે પ્રવૃત્તિ પર લગામ કસવા માટે ચૂંટણી પંચ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવતી હોય છે . જેને લઈને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા રોકડ વ્યવહારો અને દારૂની હેરફેર અટકાવવા માટે વિવિધ સર્વેલન્સ ટીમોને કામે લગાડી દેવામાં આવી છે.

ત્યારે દારૂ અને નાણાંના ગેરકાયદે વહેવારોને અટકાવવા માટે પોલીસતંત્ર દ્વારા વિવિધ વિભાગોના અધિકારીઓની સંયુક્ત ટીમ બનાવીને કામગીરી હાથ ધરવામાં આવી છે . જે અંતર્ગત પોલીસ તંત્ર સહિત ગુડ એન્ડ સર્વિસ ટેક્સ ડિપાર્ટમેન્ટ , નશાબંધી અને આબકારી

વિભાગ અને આરટીઓના ખાસ અધિકારીઓ વોચ રાખશે . તો , જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને ગેરકાયદે પ્રવૃત્તિઓ ન થાય તે માટે પોલીસ તંત્ર કામે લાગી ગયું છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## સરહદ ડેરી:

જિલ્લાની સૌથી મોટી સહકારી સંસ્થા કચ્છ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. સરહદ ડેરી દ્વારા વર્ષ 2022-23ની તુલનામાં વર્ષ 2023-24ના ટર્ન ઓવરમાં 20 ટકાનો વધારો થયો છે. જયારે દૂધ સંપાદનમાં ગત વર્ષની તુલનામાં 15 ટકાનો વધારો થયો છે.

સરહદ ડેરી દ્વારા વર્ષ 2022-23ના નાણાકીય વર્ષમાં દૈનિક 3 લાખ 84 હજાર 319 લીટર પ્રતિદિન દૂધ ઉત્પાદન સાથે ટર્નઓવર 914 કરોડ 26 લાખ થયેલ હતું. જે વર્ષ 2023-24માં દૈનિક 4 લાખ 42 હજાર 901 લિટર દૂધ અને 1100 કરોડ રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર નોંધાયું છે. તો, ઊંટડીના દૂધમાં પણ ચાલુ વર્ષે 24 ટકાનો દૂધ ઉત્પાદનમાં વધારો નોંધાયો છે.

સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યુ હતું કે , દૂધ સંઘ દ્વારા પશુપાલકોના સાથ અને સહકારથી આ સિધ્ધી હાંસલ કરેલ છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ઈજનેરી અભ્યાસક્રમ-નોંધણી પ્રક્રિયા:

ધોરણ – 12 સાયન્સ પછી ઈજનેરી વિદ્યાશાખાની બેઠકો ઉપર પ્રવેશ માટે નોંધણી પ્રક્રિયાનો આજથી પ્રારંભ થયો છે. આ નોંધણી કાર્યવાહી 15મી મે સુધી ચાલશે. ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીઓને ઈજનેરી ફાર્મસી સહિત વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સહિતની વિગતો આપવા ગઈકાલથી સૌપ્રથમવાર યુ-ટ્યૂબ ચેનલ શરૂ કરાઈ છે.

- (RNU અમદાવાદ)

---

## ભુજ-આશાપુરા મંદિર-ચૈત્રી નવરાત્રી:

જીલ્લા મથક ભુજ ખાતેના આશાપુરા મંદિર ખાતે આગામી ચૈત્રી નવરાત્રી માટે ઘટ સ્થાપનની વિધિ આઠમી એપ્રિલ, સોમવારે સાંજે યોજાશે. જયારે ચંદ્ર દર્શન દસમી એ, સાતમનો હવન પંદરમી એ રાત્રે, આઠમના નૈવેધ સોળમી એ તેમજ રામ નવમીની સત્તરમી એપ્રિલે ઉજવણી થશે.

- (યાદી-કલ્પના શાહ)

---

## સ્વીપ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ:

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન ( SVEEP) અંતર્ગત કચ્છ જિલ્લામાં મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન જાગૃતિ આવે તે માટે તાજેતરમાં ધ્રંગના મેળામાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કચ્છની કચેરી દ્વારા બનાવવામાં આવેલા સેલ્ફી પોઇન્ટના માધ્યમથી મતદાન જાગૃતિ અંગે પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

સરકારી ઉચ્ચ માધ્યમિક શાળા -લોડાઇના NSS યુનિટના વિદ્યાર્થીઓ દ્વારા મેળામાં ઉપસ્થિત જનમેદની સમક્ષ મતદાન જાગૃતિનો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો. સૌ મતદારોએ સેલ્ફી પોઇન્ટના માધ્યમથી "હું મતદાન અવશ્ય કરીશ" નો સંદેશ ફેલાવ્યો હતો.

- (માહિતીખાતું)

---

## પુ.કચ્છ-પોલીસ લોક સંપર્ક:

આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તાર ધરાવતા પૂર્વ કચ્છના રાપર તાલુકામાં પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ વડા સાગર બાગમાર દ્વારા બાલાસર પોલીસ મથક હેઠળના જાટાવાડા ગામની મુલાકાત લેવામાં આવી હતી અને લોકો સાથે સંવાદ કરી વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---